


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 202
Dt.: 04-04-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


### પુનઃપ્રાપ્ય ઊર્જા અને જૈવઈંધણ પર ભાર મૂક્યો

# ઈંધણ કટોકટી વચ્ચે ગડકરીએ રજૂ કર્યુ આત્મનિર્ભર ભારત માટે ગ્રીન વિઝન



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી, નિતિન ગડકરીએ દેશની વર્તમાન ઈંધણ કટોકટી અને આયાત નિર્ભરતાને ધ્યાનમાં રાખીને ભારતને પુનઃપ્રાપ્ય ઊર્જા અને જૈવ ઈંધણ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે એક મહત્વાકાંક્ષી દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અશ્મિભૂત ઈંધણની આયાત પાછળ દર વર્ષે ૨૨ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે, જેને સમાપ્ત કરવો એ ભારત માટે આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

ગડકરીએ કહ્યું કે આ કટોકટીમાંથી બોધપાઠ લઈને દેશે ઝડપથી વૈકલ્પિક ઈંધણ સ્ત્રોતો તરફ વળવું જોઈએ. આ દિશામાં સૌર ઊર્જાના ઉત્પાદનમાં નોંધપાત્ર પ્રગતિ થઈ રહી છે. ઈલેક્ટ્રિક વાહનોના અપનાવવામાં પણ ઝડપી વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયમાં ઈલેક્ટ્રિક ટ્રક, ઈલેક્ટ્રિક બસો, ઈલેક્ટ્રિક કાર અને ઈલેક્ટ્રિક સ્કૂટરના વેચાણમાં ૪૦ થી ૫૦ ટકાનો વધારો નોંધાયો છે, જે દર્શાવે છે કે લોકો પુનઃપ્રાપ્ય ઊર્જા આધારિત પરિવહન તરફ વળી રહ્યા છે.

આ પહેલ ઉપરાંત, જૈવઈંધણ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પણ અનેક પગલાં લેવામાં આવ્યા છે. આસામ રાજ્યમાં જ્યાં વાંસ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે, ત્યાં નુમાલીગઢમાં એક ખાસ રિફાઈનરી સ્થાપિત કરવામાં આવી છે. અહીં વાંસને કાપીને ઈથેનોલનું ઉત્પાદન કરવામાં આવે છે. ગડકરીએ સ્પષ્ટતા કરી કે વાંસ એક ઘાસ છે વૃક્ષ નથી અને તેનો ઉપયોગ ઈંધણ માટે પર્યાવરણને અનુકૂળ વિકલ્પ પૂરો પાડે છે. હાલમાં આ ઉત્પાદિત ઈથેનોલને પેટ્રોલ સાથે ૨૦ ટકાના પ્રમાણમાં મિશ્રિત કરવામાં આવે છે. ભવિષ્યમાં, ઈથેનોલ અને કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG) પર ચાલતા ટ્રેક્ટર, ટ્રક અને કાર પણ બજારમાં ઉપલબ્ધ થશે, જે પેટ્રોલ અને ડીઝલ પરની નિર્ભરતા અને ખર્ચને મોટા પ્રમાણમાં ઘટાડશે. આગળ વધતા ઈથેનોલમાંથી આઈસોબ્યુટેનોલ પણ બનાવી શકાય છે, જે ડીઝલ સાથે ભેળવી શકાય છે, આમ ડીઝલના વપરાશમાં પણ ઘટાડો થશે. આ સમગ્ર પ્રક્રિયાને ગડકરીએ "ગ્રીન રિવોલ્યુશન" એટલે કે હરિત ક્રાંતિ તરીકે ઓળખાવી છે. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ આયાત અવેજી, ખર્ચ અસરકારકતા, પ્રદૂષણ મુક્ત અને સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપીને ભારતને સાચા અર્થમાં આત્મનિર્ભર બનાવવાનો છે. નિતિન ગડકરીએ દ્રઢપણે કહ્યું કે ૨૨ લાખ કરોડ રૂપિયાની ઈંધણ આયાતને સમાપ્ત કરવાનું લક્ષ્ય ચોક્કસપણે હાંસલ કરવામાં આવશે. આ બચાવેલા ૨૨ લાખ કરોડ રૂપિયા દેશના ગરીબ ખેડૂતોના હાથમાં જશે, જેનાથી તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ગ્રામીણ અર્થતંત્રને વેગ મળશે. આ યોજના માત્ર આર્થિક જ નહીં પરંતુ પર્યાવરણીય અને સામાજિક રીતે પણ કલ્યાણકારી સાબિત થશે.

### સૈન્ય પ્રમુખને 'બળજબરીપૂર્વક નિવૃત્ત' કર્યા

# ઈરાન સામેના યુદ્ધ વચ્ચે ટ્રમ્પનો અચાનક જ મોટો નિર્ણય

### જનરલ રેન્ડી જ્યોર્જે હજુ સત્તાવાર રીતે રાજીનામું આપ્યું નથી, પરંતુ પેન્ટાગોનના આદેશ બાદ તેઓ ટૂંક સમયમાં જાહેરાત કરે તેવી પ્રબળ શક્યતા છે



(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

મિડલ ઈસ્ટમાં ઘેરાતા યુદ્ધના વાદળો વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સૈન્ય નેતૃત્વમાં મોટો ફેરફાર કર્યો છે. અમેરિકાના ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથે આર્મી ચીફ જનરલ રેન્ડી જ્યોર્જને તાત્કાલિક પદ છોડી દેવા અને નિવૃત્તિ લેવા આદેશ આપ્યો છે. ઈરાન સામે સંભવિત લશ્કરી કાર્યવાહીની તૈયારીઓ વચ્ચે લેવાયેલા આ નિર્ણયથી વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.રોઈટર્સના અહેવાલ અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્રને જનરલ રેન્ડી જ્યોર્જની કાર્યશૈલી અને ટ્રમ્પના લશ્કરી વિઝનને અમલમાં મૂકવાની તેમની ક્ષમતા પર શંકા હતી. ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથ એવા જનરલની શોધમાં છે જે પ્રમુખ ટ્રમ્પના આક્રમક અભિગમ સાથે સુસંગત હોય. નોંધનીય છે કે, જનરલ રેન્ડી જ્યોર્જની નિમણૂક 2023માં જો બાઈડેન દ્વારા કરવામાં આવી હતી. તે અગાઉ બાઈડેન શાસનકાળમાં લોયડ ઓસ્ટિનના વરિષ્ઠ લશ્કરી સહાયક પણ રહી ચૂક્યા છે.અમેરિકાના ડિફેન્સ સેક્રેટરી પીટ હેગસેથે યુએસ આર્મીના ચીફ ઓફ સ્ટાફ અને અન્ય બે સેનાના અધિકારીઓને હટાવી દીધા છે.

આમાં ટ્રાન્સફોર્મેશન એન્ડ ટ્રેનિંગ કમાન્ડના જનરલ ડેવિડ હોડન અને ચેપલિન કોર્પ્સના ચીફ મેજર જનરલ વિલિયમ ગ્રીન જુનિયરનો સમાવેશ થાય છે.આ ફેરફાર એવા સમયે થયો છે જ્યારે અમેરિકા મિડલ ઈસ્ટમાં મોટા પાયે સૈનિકો તહેનાત કરી રહ્યું છે. ટ્રમ્પે તાજેતરમાં જ ઈરાનને ચેતવણી આપી હતી કે ઈરાનને હુમલા દ્વારા 'સ્ટોન એજ' (પાષાણ યુગ)માં પાછા મોકલી દેશે. જમીન પર લશ્કરી કાર્યવાહીની તૈયારીઓ વચ્ચે નવા આર્મી ચીફની નિમણૂક વ્યૂહાત્મક રીતે મહત્ત્વની માનવામાં આવે છે.જનરલ રેન્ડી જ્યોર્જનો કાર્યકાળ 2027 સુધી હતો, પરંતુ તેમને અધવચ્ચે જ નિવૃત્ત થવાની ફરજ પાડવામાં આવી છે. તેમના અનુગામી તરીકે જનરલ ક્રિસ્ટોફર લાનેવનું નામ સૌથી આગળ છે. તે 82મા એરબોર્ન ડિવિઝનના કમાન્ડિંગ જનરલ રહી ચૂક્યા છે, જે પેરાશૂટ હુમલામાં વિશ્વભરમાં નિષ્ણાત ગણાય છે.ટ્રમ્પ વહીવટની આ 'ક્લીનઅપ' ડ્રાઈવમાં માત્ર આર્મી ચીફ જ નહીં, પરંતુ અન્ય ટોચના અધિકારીઓ પર પણ ગાજ પડી શકે છે. અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, FBI ચીફ કાશ પટેલ અને DNI તુલસી ગબાર્ડના પદો પર પણ ખતરો મંડરાઈ રહ્યો છે.ઉલ્લેખનીય છે કે, જનરલ રેન્ડી જ્યોર્જે હજુ સત્તાવાર રીતે રાજીનામું આપ્યું નથી, પરંતુ પેન્ટાગોનના આદેશ બાદ તેઓ ટૂંક સમયમાં જાહેરાત કરે તેવી પ્રબળ શક્યતા છે. દાયકાઓ લાંબી કારકિર્દી ધરાવતા જનરલ જ્યોર્જે ગલ્ફ વોર, ઈરાક અને અફઘાનિસ્તાન યુદ્ધમાં મહત્ત્વની સેવા આપી છે.

### ઈંધણ ખૂટી પડતાં ભારત સામે હાથ ફેલાવ્યા

# ભારતને આંખ બતાવનારા દેશો હવે સંકટમાં ફસાયા

### ભારત હાલમાં દુનિયાનું ચોથું સૌથી મોટું રિફાઈનર છે અને તે પહેલેથી જ કોમર્શિયલ કરારો હેઠળ બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન અને શ્રીલંકાને ઈંધણ પૂરું પાડે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અત્યારે પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ઈંધણનું સંકટ ઘેરું બન્યું છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઈ જવાને કારણે તેલની સપ્લાય ખોરવાઈ છે, જેની સૌથી ગંભીર અસર ભારત વિરોધી વલણ ધરાવતા પાડોશી દેશો માલદીવ્સ અને બાંગ્લાદેશ પર પડી છે. એક સમયે જે દેશો 'ઈન્ડિયા આઉટ'ના નારા લગાવતા હતા અને ચીનની નિકટ જઈને ભારતને આંખો બતાવતા હતા, આજે એ જ દેશો પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે ભારત સામે મદદની ગુહાર લગાવી રહ્યા છે.ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે માહિતી આપી છે કે, માલદીવ્સે ભારત પાસે ટૂંકા ગાળા અને લાંબા ગાળા માટે પેટ્રોલિયમ ઉત્પાદનોની માંગ કરી છે. વર્લ્ડ બેન્કના ડેટા મુજબ માલદીવ્સ મોટાભાગનું ઈંધણ ઓમાનથી મેળવે છે, પરંતુ યુદ્ધને કારણે સપ્લાય બંધ થતા તે મુશ્કેલીમાં મુકાયું છે. બીજી તરફ, બાંગ્લાદેશ પણ ઈંધણની અછતનો સામનો કરી રહ્યું છે. ભારત હાલમાં દુનિયાનું ચોથું સૌથી મોટું રિફાઈનર છે અને તે પહેલેથી જ કોમર્શિયલ કરારો હેઠળ બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન અને શ્રીલંકાને ઈંધણ પૂરું પાડી રહ્યું છે. તાજેતરમાં જ શ્રીલંકાને ૩૮,૦૦૦ ટન પેટ્રોલિયમ મોકલવામાં આવ્યું છે, જ્યારે બાંગ્લાદેશને પાઈપલાઈન દ્વારા ડીઝલનો જથ્થો પહોંચાડવામાં આવી રહ્યો છે.આ સમગ્ર સ્થિતિમાં સૌથી રસપ્રદ બાબત એ છે કે માલદીવ્સના પ્રમુખ મોહમ્મદ મુઈજ્જુ અને બાંગ્લાદેશની યુનુસ સરકારે ભૂતકાળમાં ભારત સાથેના સંબંધો બગાડવામાં કોઈ કસર છોડી નહોતી. ચીનના પ્રભાવ હેઠળ આવીને આ દેશોએ વ્યૂહાત્મક રીતે ભારતનો વિરોધ કર્યો હતો. જોકે, વર્તમાન કટોકટીએ સાબિત કરી દીધું છે કે મુશ્કેલીના સમયે પાડોશી જ ખરેખર કામ આવે છે. ભારત પોતે પણ અત્યારે પડકારોનો સામનો કરી રહ્યું છે, કારણ કે ભારતના ૧૮ જેટલા ઓઈલ અને ગેસના જહાજો હોર્મુઝમાં ફસાયેલા છે, જેમને સુરક્ષિત બહાર કાઢવા માટે ઈરાન સાથે વાતચીત ચાલી રહી છે.ભારત પોતાની 'નેબરહુડ ફર્સ્ટ'ની નીતિને વળગી રહીને ઉદારતા દાખવી રહ્યું છે. પોતાની જરૂરિયાતો અને ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને ભારત માલદીવ્સની માંગ પર ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે. અગાઉ યુક્રેન હોય કે પેલેસ્ટાઈન, ભારતે હંમેશા સંકટના સમયે મદદનો હાથ લંબાવ્યો છે. હવે જોવાનું એ રહે છે કે ભારત પાસેથી મદદ લીધા બાદ માલદીવ્સ અને બાંગ્લાદેશ પોતાની જૂની વ્યૂહનીતિ બદલીને ભારત સાથેના સંબંધોમાં કેટલું મહત્ત્વ આપે છે.

# વિઝાના આકરા નિયમોને લીધે USમાં ભારતીય વિદ્યાર્થીની સંખ્યા ૬.૯% ઘટી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકામાં ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પ્રાથમિક શાળાથી લઈને યુનિવર્સિટી સુધીના વિવિધ શૈક્ષણિક પ્રોગ્રામમાં અભ્યાસ કરતાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૩.૫ લાખ હતી, જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં આશરે ૬.૯ ટકાનો ઘટાડો દર્શાવે છે, એવી સંસદમાં સરકારે ગુરુવારે માહિતી આપી હતી. રાજ્યમાં વિદેશ મંત્રાલયને સવાલ કરાયો હતો કે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓના પ્રવેશમાં ઘટાડો થયો છે કે નહીં અને વિઝા સ્લોટની અછત તથા ઊંચા વિઝા રિજેક્શન રેટની કેટલી અસર થઈ છે. લેખિત જવાબમાં રાજ્યકક્ષાના વિદેશ પ્રધાન કિર્તી વર્ધન સિંહે યુએસ હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટના સ્ટુડન્ડ એન્ડ એક્સ્ચેન્જ વિઝિટર ઈન્ફર્મેશન સિસ્ટમ મેપિંગ ટુલના ડેટા આપ્યાં હતાં.

આ ડેટા મુજબ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમેરિકામાં ભારતના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા આશરે ૩.૫૨ લાખ હતી, જે ફેબ્રુઆરી ૨૦૨૫માં આશરે ૩.૭૮ લાખ હતી, જે આશરે ૬.૯ ટકાનો ઘટાડો દર્શાવે છે. વિઝા ચકાસણીમાં વધારાથી ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે કે કે નહીં તેવો પણ સવાલ કરાયો હતો. અમેરિકા તેની રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી હોય તેવા તેવા અરજદારોની ઓળખ કરવા માટે વિઝા સ્ક્રીનિંગ અને ચકાસણી માટે તમામ ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરે છે.

# અયોધ્યાની હોસ્પિટલમાં ફોનથી સૂચના આપીને ડિલિવરી કરાવાતાં મહિલા, નવજાત શિશુનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

યુપીના અયોધ્યામાં એક ખાનગી હોસ્પિટલમાં બિનઅનુભવી સ્ટાફ દ્વારા કરવામાં આવેલી ડિલિવરી અને ડોક્ટર દ્વારા ફોન પર આપવામાં આવેલા નિર્દેશોના કારણે કથિત તબીબી બેદરકારીથી ૩૨ વર્ષીય મહિલા અને તેના નવજાત બાળકનું મોત થયું છે.અયોધ્યામાં મંગળવારે મોડી રાત્રે બનેલી આ ઘટના બાદ આરોગ્ય વિભાગે હોસ્પિટલને સીલ કરી તપાસ શરૂ કરી છે. બેનીગંજના રહેવાસી સુરેશ યાદવે જણાવ્યું કે, તેમની પત્ની સોની યાદવને પ્રસૂતિની પીડા ઉપડતા મા પરમેશ્વરી દેવી મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ત્યાં ફરજ પર હાજર ડોક્ટર અંજલિ શ્રીવાસ્તવે શરૂઆતમાં તેમને જાણ કરી હતી કે તેની હાલત સામાન્ય છે. ડિલિવરી સમયે ડોક્ટર હાજર નહોતા અને પ્રક્રિયા એક સ્ટાફ મેમ્બર દ્વારા કરાઈ હતી.

પતિએ આક્ષેપ કર્યો હતો કે ડિલિવરી દરમિયાન ડોક્ટર ફોન પર આ સ્ટાફને માર્ગદર્શન આપી રહ્યા હતા. લગભગ અડધા કલાક પછી, સ્ટાફે બાળક સોંપ્યું અને કહ્યું કે તે શ્વાસ નથી લઈ રહ્યો. જ્યારે અમે નવજાતને નજીકના ડોક્ટર પાસે લઈ ગયા, ત્યારે તેને મૃત જાહેર કરાયો હતો. પાછા ફર્યા ત્યારે અમને કહેવામાં આવ્યું કે મારી પત્નીની તબિયત બગડી છે. ત્યારબાદ તેને બીજી હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાં તેને પણ મૃત જાહેર કરવામાં આવી.

### સૌથી વધુ મોત અખાતના દેશોમાં થયા

# પાંચ વર્ષમાં વિદેશમાં રોજ ૨૦ ભારતીય કામદારોનાં મોત થયાં છે

### ૨૦૨૧થી ૨૦૨૫ સુધી વિદેશોમાં કુલ ૩૭,૭૪૦ ભારતીય કામદારોનાં મોત નિપજ્યાં હતાંઃ ખાડી દેશોમાં વધુ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કાળી મજૂરી કરીને પેટિયું રળવા વિદેશ ગયેલા ભારતીય કામદારોની અત્યંત દયનીય સ્થિતિ વિશે રજૂ થયેલી આંકડાકીય માહિતીમાં દર્શાવવામાં આવ્યું હતું કે છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન દરરોજ ૨૦ ભારતીય કામદારોના મોત નિપજ્યા હતા અને તેમાં સૌથી મોટો આંકડો અખાતના દેશોમાંથી નોંધાયો હતો.રાજ્યસભામાં પૂછાયેલાં એક પ્રશ્નનો વિદેશ રાજ્યમંત્રી કિર્તી વર્ધને આપેલાં લેખિત ઉત્તરમાં દર્શાવેલી આંકડાકીય માહિતી અનુસાર ૨૦૨૧થી ૨૦૨૫ના સમય ગાળા દરમ્યાન વિદેશોમાં કુલ ૩૭,૭૪૦ ભારતીય કામદારોના મોત નિપજ્યા હતા. જો કે આ લોકોના મોતના કારણ અંગે વિદેશ રાજ્યમંત્રીએ કોઈ ખુલાસો કર્યો નહોતો.આ આંકડાકીય માહિતીમાં દર્શાવવામાં આવ્યું હતું કે ૨૦૨૧માં કુલ ૮૨૩૪ ભારતીય શ્રમિકોના મોત નિપજ્યા હતા જે આ પાંચ વર્ષનો સૌથી મોટો આંકડો હતો. અલબત્ત ૨૦૨૨ની સાલમાં તેઓના મોતની સંખ્યા થોડી ઘટીને ૬૬૧૪ નોંધાઈ હતી. પરંતુ ત્યાર પછી ૨૦૨૩માં ૭૨૯૧, ૨૦૨૪માં ૭૭૪૭ અને ૨૦૨૫માં ૭૮૫૪ ભારતીય કામદારોના મોત નોંધાયા હતા.વિદેશોમાં ભારતીય કામદારોના નોંધાયેલા મોતમાં સૌથી વધુ એટલે કે ૮૬ ટકા મોત અખાતના દેશોમાં થયા હતા. આ છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ)માં ૧૨,૩૮૦ અને સાઉદી અરેબિયામાં ૧૧,૭૫૭ ભારતીય શ્રમિકોના મોત નોંધાયા હતા. આ સમયગાળા દરમ્યાન કુવૈતમાં ૩૮૯૦, ઓમાનમાં ૨૮૨૧, મલેશિયામાં ૧૯૧૫ અને કતારમાં ૧૭૬૦ ભારતીય કામદારોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.આ સમયગાળા દરમ્યાન વિદેશોમાં આવેલી ભારતીય કોનસ્યુલેટ કચેરીઓ અથવા તો એલચી કચેરીઓને ભારતીય નાગરિકો તરફથી ૮૦,૯૮૫ ફરિયાદો મળી હતી જેમાં ફરિયાદીઓએ પોતાનું શોષણ થયું હોવાની અને કામના સ્થળ સંબંધી વિવિધ ફરિયાદો કરી હતી.. આ ફરિયાદીઓની સંખ્યામાં સૌથી વધુ સંખ્યા યુએઈમાં કામ કરતા શ્રમિકોની હતી. ૨૦૨૧ થી ૨૦૨૫ વચ્ચે એકલા યુએઈની જુદી જુદી કંપનીઓમાં કામ કરતા ૧૬,૯૬૫ ભારતીય કામદારોએ આ મુજબની ફરિયાદો કરી હતી. તે ઉપરાંત કુવૈતમાં ૧૫,૨૩૪, ઓમાનમાં ૧૩,૨૯૫ અને સાઉદી અરેબિયામાં ૧૨,૯૮૮ ફરિયાદો નોંધાઈ હતી.ભારતીય સંસદનો રેકોર્ડ અને કોમનવેલ્થ હ્યુમન રાઈટ ઈનિશિયેટીવ દ્વારા તૈયાર કરાયેલાં અહેવાલોમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦૧૨ થી ૨૦૧૮ના સમયગાળા દરમ્યાન અખાતના દેશોમાં દરરોજ ૧૦ ભારતીય કામદારોના મોત નિપજ્યા હતા. કોમનવેલ્થ હ્યુમન રાઈટ દ્વારા તૈયાર કરાયેલા રિપોર્ટમાં તો વળી સ્પષ્ટ એ વાત ઉપર ભાર મૂકાયો હતો કે આ છ વર્ષ અને છ મહિનાના સમયગાળા દરમ્યાન બહેરીન, ઓમાન, કતાર, કુવૈત, સાઉદી અરેબિયા અને યુએઈ જેવા છ અખાતી દેશોમાં કુલ ૨૪,૫૭૦ ભારતીય કામદારોના મોત નોંધાયા હતા.




